
ઑક્ટોબર-૨૦૨૫

# પેન્શનર્સ પ્રકાશ







## દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ

દીપો કા યે પાવન ત્યોહાર, આપકે લિયે લાયે ખુશિયાં હજાર,
લક્ષ્મીજી બિરાજે આપકે દ્વાર,હમારી શુભકામનાઓ કા કરે સ્વીકાર.

પેન્શનર્સ પરિવારના તમામ સદસ્યોને હેપ્પી દિવાળી ! આપના જીવનમાં તેમજ આપના પરિવારમાં હંમેશા પ્રસન્નતાનો અને આરોગ્યનો પ્રકાશ ઝળહળતો રહે તેવી દિલથી શુભકામનાઓ. શુભ દિપાવલી !

દિવાળીના શુભ અવસર પર આપની અને આપના પરિવારની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય, તમારૂં જીવન આનંદના રંગોથી રંગાઈ જાય અને સર્વત્ર સુખ-સમૃદ્ધિ છલકે એવા એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન પરિવાર તરફથી શુભકામનાઓ.

વિક્રમ સંવત ૨૦૮૨નું નવું વર્ષ આપ અને આપના પરિવાર માટે સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સ્વાસ્થ્ય પ્રદાન કરનારૂં બની રહે એવી શુભકામનાઓ !!!

આપ સહુંને નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન...

Dear Friends,

Festivals have always been more than rituals, traditions, or holidays on the calendar. They are living symbols of shared joy, collective memories, and a reaffirmation of values that bind us together. **At a time when the world often seems fragmented by differences—whether of opinions, backgrounds, or circumstances—festivals remind us of our shared humanity. They nudge us gently away from divisions, towards empathy and unity.**

**Diwali, our beloved festival of light, carries this spirit most beautifully.** It is not just about lamps, sweets, or fireworks. It is about dispelling the darkness within and around us, bringing warmth to those who feel isolated, and spreading cheer in circles where silence may have taken over. **For our community of retired employees, Diwali holds a special meaning. Having spent years of active professional life, we now carry with us the wealth of experience, friendships, and wisdom.But retirement also sometimes brings quieter days, a sense of disconnection, or even loneliness. Festivals like Diwali, when celebrated in togetherness, light up not just our homes but also our hearts.**

When we gather as a group of pensioners and retired colleagues, we recreate the same camaraderie that once defined our workplaces. **The barriers of rank,**

વર્ષ-૧૮ ● અંક : ૧૦
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

**department, or designation vanish. We no longer meet as "officers" or "staff," but simply as companions in the journey of life.This is the power of festivals: they flatten hierarchies, erase differences, and remind us of the bonds that endure beyond careers.**

In today's world, empathy is a rare gift. Diwali encourages us to practice it consciously—reaching out to an old colleague, sharing a meal with someone who lives alone, or simply exchanging a warm smile. **The glow of a single 'DIYA' is modest, but when many are light together, the darkness surrenders.** In the same way, when each of us offers a little care, kindness, and understanding, we create a community where no one feels left out.

Let this Diwali, therefore, be more than a ritual. Let it be a festival of relationships—rekindling old friendships, building new bonds, and ensuring that light reaches every corner of our circle. **For retired employees, this togetherness is not a luxury; it is nourishment for the spirit.** May our collective light continue to shine brightly, guiding us from divisions to unity, from indifference to empathy, and from silence to shared laughter.

Wishing each & every member of SBIPA, their family of Gandhinagar Circle a Diwali filled with light, love, and lasting companionship.

**Kamal Kadri, Editor**

---

પ્રિય મિત્રો,

ઉત્સવો / તહેવારો ક્યારેય ફક્ત વિધિ-વિધાનો, પરંપરાઓ કે કેલેન્ડરની રજાઓ પૂરતા જ નથી રહ્યા. તે સામુહિક આનંદ અને ના જીવંતના પ્રતિકો છે, સહભાગી યાદોના ઝળહળતા સ્મરણો છે અને આપણને જોડતા મૂલ્યોની પુનઃપ્રતિજ્ઞા છે. પ્રવર્તમાન સમયમાં, જ્યારે સમાજમાં ઘણીવાર મતભેદો, પૃષ્ઠભૂમિ અથવા પરિસ્થિતિઓને કારણે વિખૂટી લાગે છે, ત્યારે ઉત્સવો/તહેવારો આપણને આપણા સહ અસ્તિત્વ અને માણસાઈની યાદ અપાવે છે. તે આપણા ભેદભાવોને દૂર કરી, સહાનુભૂતિ અને એકતાની દિશામાં સૌમ્ય રીતે દોરી જાય છે.

દીપાવલી-આપણો અતિપ્રિય પ્રકાશનો ઉત્સવ-ભાવનાને અતિ સુંદર રીતે વ્યક્ત કરે છે. તે ફક્ત દિપક, મીઠાઈ કે ફટાકડા પૂરતો નથી. તે આપણાં અંતરમાં અને આસપાસના અંધકારને દૂર કરવાની વાત કરે છે, એકલતા અનુભવનારને ઉષ્મા અને હૂંફ આપવાની વાત કરે છે અને મૌનની જગ્યાએ ખુશી વહેંચવાની વાત કરે છે. આપણા નિવૃત્ત કર્મચારીઓના સમુદાય માટે દીપાવલીનું વિશેષ મહત્ત્વ છે. સક્રિય વ્યવસાયિક જીવનનાં વર્ષો પસાર કર્યા બાદ આજે આપણી પાસે અનુભવ, મિત્રતા અને જ્ઞાનની સંપત્તિ રૂપે ખજાનો છે. આવા સમયમાં દીપાવલી જેવા ઉત્સવો, જ્યારે સૌ સાથે મળીને ઉજવીએ છીએ, ત્યારે ફક્ત આપણાં ઘરો જ નહીં પરંતુ આપણા હૃદયો પણ પ્રફુલ્લિત અને પ્રકાશિત થાય છે.

જ્યારે આપણે નિવૃત્ત સહકર્મચારીઓ અને પેન્શનરો તરીકે ભેગા થઈએ છીએ ત્યારે આપણે ફરીથી એ જ મિત્રતા અને સહકારનો અનુભવ કરીએ છીએ, જે એક વખત આપણા કાર્યસ્થળોની ઓળખ હતી. હોદ્દા, વિભાગ કે પદના ભેદ ભૂંસાઈ જાય છે. હવે આપણે "ઓફિસરો" કે "સ્ટાફ" તરીકે નહીં પરંતુ જીવનયાત્રાના સાથીદારો તરીકે મળીશું. આ જ તો ઉત્સવોની શક્તિ છે-તેઓ ભેદભાવોને દૂર કરે છે, ફરક ભૂલાવે છે અને વ્યવસાયિક જીવનથી આગળ પણ ટકતા સંબંધોની યાદ અપાવે છે.

આજના વિશ્વમાં સહાનુભૂતિ એક દુર્લભ ભેટ સમાનછે. દીપાવલી આપણને તેને જાગૃતપણે અનુસરવાનું પ્રોત્સાહન આપે છે. જૂના સહકર્મચારી સુધી પહોંચવું, એકલવાયા સાથે ભોજન વહેંચવું કે ફક્ત ઉષ્માભર્યું સ્મિત આપવું. એક દિવાનો નાનો તેજપુંજ હોય છે, પરંતુ જ્યારે ઘણા દીવા સાથે પ્રગટે છે, ત્યારે અંધકાર પરાજીત થાય છે. એ જ રીતે, જ્યારે આપણે દરેક થોડી કાળજી, દયાભાવ અને સમજણ વહેંચીએ છીએ, ત્યારે એવો સમુદાય સર્જાય છે. જ્યાં કોઈપણ એકલતા અનુભવતું નથી.

આ દીપાવલીને, આપણે ફક્ત વિધિગત ન બનાવીએ. તેને સંબંધોના ઉત્સવમાં ફેરવી દઈએ. જૂની મિત્રતાઓને ફરી પ્રગટાવીએ / નવપલ્લવિત કરી નવા સંબંધો રચીએ અને પ્રકાશ આપણા વર્તુળની દરેક દિશાએ પહોંચે તેની ખાતરી કરીએ, નિવૃત્ત કર્મચારીઓ માટે આ સાથે મળીને ઉજવવાનો અવસર વૈભવ નથી પરંતુ આત્માના પોષણ સમાન છે. આપણો આ સંયુક્ત પ્રકાશ સતત પ્રગટતો રહે. ભેદભાવમાંથી એકતાની દિશામાં, ઉદાસીનતામાંથી સહાનુભૂતિ તરફ અને મૌનમાંથી સહિયારા હાસ્ય તરફ માર્ગદર્શન આપતો રહે છે.

ગાંધીનગર સર્કલના એસબીઆઈપીએ પરિવારના દરેક સભ્યને અને એમના પરિવારને પ્રકાશ, પ્રેમ અને દીર્ઘકાલીન સાથ-સંગાથથી ભરપૂર દીપાવલીની પર્વ અને નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

**કમાલ કાદરી-સંપાદક**

નિમંત્રણ

## એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-ગાંધીનગર સર્કલની પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ યોજાશે

નિમંત્રણ

પેન્શનર્સ પરિવારના સદસ્યોને જણાવવાનું કે આપણા પેન્શનર્સ એસોસીએશનની ૨૦૨૫ના વર્ષની પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા **તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ વડોદરા** ખાતે યોજાશે. આ મિટીંગમાં ઉપરોક્ત બંને કાર્યક્રમની શાનદાર અને યાદગાર ઉજવણી કરવાની હોઈ, આપ સૌને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા/પધારવા હાર્દિક નિમંત્રણ છે. ઉપરોક્ત તારીખ આપના સ્મૃતિપટ પર અંકિત કરી લેશો. કાર્યક્રમની રૂપરેખા સાથેનું નિમંત્રણ આપના વોટ્સએપ/મેઈલમાં મોકલવામાં આવશે.

**રજિસ્ટ્રેશન અને બ્રેક ફાસ્ટ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ દરમ્યાન. ● સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ દરમિયાન પેન્શનર્સ મીટ ● લંચ બપોરે ૧.૩૦ થી ૨.૩૦ દરમ્યાન ● બપોરે ૨.૩૦ થી વાર્ષિક સાધારણ સભા**

## Inauguration of Multi Speciality OPD Faceility at SBI, Admin. Office





With the support of Tricolor Hospital and the efforts of SBIPA, an OPD center was inaugurated on 01.10.2025 at the Admin Office Vadodara for the working staff and pensioners under the patronage of Shri Salim Ahmed, DGM of Vadodara Admin Office. On this occasion, a large number of pensioners were present along with Pensioners Association President Shri R.N. Choksi, Vice President Shri Subhas Patel, DGS Shri Sudhir Jani and committee members were Present in the function.

## CONGRATULATION



The picture shows Shri Vadalker accepting trophy for Best Comedy one act play

On 13th and 14th September Maharashtra Mandal Bangalore had organised Marathi one act play competition.8 teams participated in d competition.One act play BHRAMANANTI PARMESHWAR staged by Marathi Mandal Benagaluru South and directed by Shri Shaam Vadalker, our pensioner bagged 3 prizes "1 Best Script" 2 Best costumes"3 Best Comedy one act play. Congratulation to all artists.

SBI

**Tricolour Hospitals, Vadodara**
**Together with State Bank of India is organising**
**Multi-Speciality OPD**

Tricolour HOSPITALS — Trust | Care | Excellence

| Specialist | Monday | Tuesday | Wednesday | Thursday | Friday |
|---|---|---|---|---|---|
| **Dr. Bhavin Agrawal**<br>M.S., Orthopedic FIJR, FIA,<br>Fellowship in Joint Replacement & Arthroscopy<br>Consultant Orthopedic Surgeon | 03.00 pm to 04.00pm | | | | |
| **Dr. Mihir Pandya**<br>M.S., DrNB (Urology)<br>Consultant Urosurgeon | | 03.00pm to 04.00pm | | | |
| **Dr. Akshay Patidar**<br>M.B.B.S., M.S, M.CH (Neurosurgery)<br>Consultant Neurosurgeon | | | 1st & 3rd 04.00pm to 05.00pm | | |
| **Dr. Rajat Gusani**<br>MS, FMAS & FIAGES<br>Consultant Bariatric & Laproscopic Surgeon | | | | 02.00pm to 03.00pm | |
| **Dr. Sheshrao Pawar**<br>MBBS, MD, DNB<br>Interventional Cardiologist | | | | | 03.00pm to 04.00pm |
| **Dr. Shruti Venugopalan**<br>Fellowship in Otology & FESS<br>ENT and Head and Neck Surgeon | | | 2nd & 4th 04.00pm to 05.00pm | | |

OPD VENUE : State Bank of India, Administrative Office, 5th Flr., Pensioner Association Office, Paradise Complex, Sayajiganj, Vadodara.

Note: OPD will remain closed on all public holidays OPD may be cancelled in case of unavailability of Doctor

For Appointment (10:00 AM to 5:00 PM) | 077790 76622 / For more information : Manan Shah : 077779 29662

Tricolour Hospitals, Dr. Vikram Sarabhai Rd., Nr. Genda Circle, Vadi Wadi, Vadodara - 07.

અમુક માણસના શરીરમાં દિલની જગ્યાએ કેલક્યુલેટર હોય છે, હાથ મિલાવ્યા પહેલાં હિસાબ લગાવે છે કે એનાજી મને કેટલો ફાયદો થશે...!!!


Aashu Dental
& Multispeciality Clinic
DR. MANISH B. SHAH
(M.D.S. & EX.PROF., HEAD)
DR. JOLLY M. SHAH
(B.D.S.)
Medical Value TRAVEL Award by FICCI
30 YEARS OF EXPERTISE
NABH ACCREDITED
EMPANELLED WITH : CGHS, ECHS, IIMA, FCI
PRL, ISRO, ONGC, ESIC, WESTERN RAILWAY
Free Dental Consultation &
OPG Dental Scan for all SBI Pensioners
Latest Technologies Available
1
1st time in Gujarat OPG with CBCT T2 Machine (Dental Scan)
FREE DENTAL SCAN*
2 Intraoral Scanner
NAVRANGPURA : Dr. K.K. Shah's Bunglow,
Behind Navrangpura Post Office,
Navrangpura, Ahmedabad - 380009.
MONDAY TO SATURDAY : 09:00 AM - 07:00 PM
In-house ALIGNERS Available
SHELA : B/304, Sky City Arcade, 07 Club Road,
Shela, Ahmedabad.
Morning : 10:00 am - 01:00 pm | Evening : 05:00 pm - 08:00 pm
For more details call on +91 98251 58578

## Delhi HC Case Update: FSBIPA Pursues Pension Anomaly Resolution

Bengaluru, Sept 27: G.D. Nadaf, General Secretary of FSBIPA, along with VP Shankar Naik, met their advocate, Sri Vidyasagar, to discuss the pending Delhi High Court case regarding pension anomalies. The case seeks correction of the basic pension formula for retirees from March 1, 1999, restoring the 50% formula and claiming arrears.

An amended petition has been filed to ensure arrears are paid from the original date, after the DFS applied the correction only prospectively. The opposition was formally served with the petition, though their claimed non-receipt, requiring another copy to be submitted.

The case was briefly heard on September 25, with the next date scheduled for November 18, accounting for court and festival holidays. Senior advocates, including Sri P.N. Misra and Sri Panda, continue to represent the federation, attending court diligently.

Shri Nadaf emphasized that the leadership is prioritizing early resolution and urged members not to rely on rumours.

## દિલ્હી હાઈકોર્ટ કેસ વિશે અધતન માહિતી
## ફેડરેશન ઓફ એસબીઆઈપીએ તરફથી પેન્શન મુદ્દે પ્રયત્નો

તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ફેડરેશન ઓફ એસબીઆઈપીએના આપણા જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ અને વાઈસ પ્રેસિડેન્ટ શ્રી શંકર નાઈક સાથે પેન્શનની વિસંગતતા અંગે દિલ્હી હાઈકોર્ટના પેન્ડીંગ કેસની ચર્ચા કરવા માટે આપણાં વકીલ શ્રી વિદ્યાસાગરને મળ્યા. આ કેસનો મુખ્ય હેતુ નીચે મુજબ છે.

૧લી માર્ચ ૧૯૯૯થી નિવૃત્ત થયેલ કર્મચારીઓ માટે મૂળભૂત પેન્શન ફોર્મ્યુલામાં સુધારો કરવા, ૫૦% ફોર્મ્યુલા પુનઃસ્થાપીત કરવા અને બાકી રકમ પાશ્ચાદ અસરથી (એરીયર્સ) મેળવવા.

અગાઉ આપેલ અરજીમાં ફેરફાર કરીને સ્પષ્ટ કરાવ્યું છે કે, એરીયર્સની રકમ મૂળ તારીખથી ચૂકવવી જોઈએ. ડીએફએસએ સુધારો ફક્ત આગળની તારીખથી લાગુ કર્યો હોવાથી આ બાબતે સુધારા અરજી કરવામાં આવી છે. પ્રતિવાદી પક્ષે આ સુધારા અરજી મળ્યાનો ઇન્કાર કર્યો હોવાથી તેમને ફરી નકલ આપવામાં આવી છે.

આ કેસની ટૂંકી સુનાવણી ૨૫મી સપ્ટેમ્બરના રોજ થઈ હતી, અને આગામી તારીખ તહેવાર અને કોર્ટના વેકેશનને ધ્યાનમાં રાખી ૧૮ નવેમ્બર-૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. આપણાં વરિષ્ઠ વકીલો શ્રી પી. એન. મિશ્રા અને શ્રી પાંડા નિયમિત રીતે કેસ સંભાળી રહ્યાં છે.

શ્રી નડાફે આપણાં સભ્યોને ખાત્રી આપી છે કે શિર્ષ નેતૃત્વ વહેલીતકે આ માંગણીનો ઉકેલ લાવવા સતત પ્રયત્નશીલ છે. સાથે જ તેમણે સભ્યોને વિનંતી કરી છે કે આ કેસ અંગેની કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરશો.

## એસબીઆઈપીએની વેબસાઈટ અંગે જાણકારી

આપણાં એસોસિયેશનના સ્થાપના દિવસ તા. ૩૧-૦૯-૨૦૨૫ના રોજ શરૂ કરવામાં આવેલી વેબસાઈટ **sbipaahm.com** જેની સ્ટેટ બેંક પરિવારના અન્ય સંગઠનોએ પણ સરાહના કરી અને અભિનંદન પાઠવ્યા હતા. આ બાબતે પેન્શનર મિત્રોને ખાસ જણાવવાનું આ વેબસાઈટ ઉપર દરેક કાર્યક્રમના ફોટોગ્રાફ, જરૂરી ફોર્મ્સ, બેન્કની ગાઈડલાઈન, હોદ્દેદારોની કોન્ટેક્ટ ડીટેઈલ્સ, ઉપયોગી લિંક્સ જેવી કે એસબીઆઈ, આરબીઆઈ, એચઆરએમએસ સેવાઓ ઉપલબ્ધ છે. એસોસિયેશના અથાગ પ્રયત્નો આપણાં સામુહિક હિત માટે, આપની સરળતા માટે મુશ્કેલીના સમયમાં પ્રશ્નના ઉકેલ હેતુથી વેબસાઈટ શરૂ કરવામાં આવી છે. આપ જરૂરથી વેબસાઈટનો ઉપયોગ કરશો અને આપના કોઈપણ જાતના સજેશન હોય તો મોકલી આપવા વિનંતી.

CUTIS
HOSPITAL

# ડાયાબિટીક ફૂટ ઇન્ફેકશન તથા
## તમામ પ્રકારની "પ્લાસ્ટીક સર્જરી" માટેની શ્રેષ્ઠ હોસ્પિટલ



- ડાયાબિટીક ફૂટની શરુઆત કેવી રીતે થાય છે ?
- ડાયાબિટીક ફૂટ ઇન્ફેકશનના દર્દીને પ્લાસ્ટીક સર્જરીથી શું ફાયદો થાય ?

**ડાયાબિટીક ફૂટ ઇન્ફેકશનના દર્દીઓને મૂંઝવાતા આવા અનેક પ્રશ્નોના સચોટ અને વૈજ્ઞાનિક જવાબો મેળવવા માટે સ્કેન કરો**

ગુગલ મેપ માટે સ્કેન કરો

**ક્યુટીસ હોસ્પિટલ**
સર્વોપરી મોલ, ભૂયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ, અમદાવાદ-૬૧.
એપોઈન્ટમેન્ટ માટે : 079-2747 4055 / 97257 07526
વધુ માહિતી માટે : 97259 99526 / www.cutishospital.com

**ડૉ. ચિંતન પટેલ**
M.Ch., D.N.B.
(Gold Medalist - Plastic Surgeon)

## એનસીબીઈના જનરલ સેક્રેટરી કોમરેડ એલ. ચંદ્રશેખર દ્વારા માન. નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીને તા. ૩૦-૦૯-૨૦૨૫ના રોજ લખેલ પત્રના મુદ્દાઓ

### તા. ૦૧-૧૧-૨૦૨૨ પહેલાં નિવૃત્ત થયેલા બેંક પેન્શનરો માટે ૮૦૮૮ સીપીઆઈ પોઈન્ટ્સમાં પેન્શન અપડેશન અને ડીએ મર્જર માટેની અપીલ.

ઘણાં લાંબા સમયથી પડતર બે મુદ્દાઓને કારણે ગંભીર નાણાકીય અને ભાવનાત્મક મુશ્કેલીનો સામનો કરી રહેલા લાખો પેન્શનરો અને ફેમિલી પેન્શનરોની આર્થિક દુર્દશા અંગે અમે તમારું ધ્યાન ખેંચીએ છીએ. (એ) પેન્શન અપડેશનનો અમલ ન કરવો અને (બી) મોંઘવારી ભથ્થા (ડીએ)માં વિસંગતતા, જે બેંક નિવૃત્ત કર્મચારીઓના પેન્શનને અસર કરે છે.

પેન્શન યોજના ૧૯૯૩માં બેંકોમાં પાછલી અસરથી શરૂ કરવામાં આવી. ત્યારથી લઈને પત્રમાં વિગતવાર માહિતી આપવામાં આવેલ છે.

**તા. ૦૧-૧૧-૨૦૨૨ પહેલાં નિવૃત્ત થયેલા બેંક પેન્શનરોમાં માટે ૮૦૮૮ પોઈન્ટ્સ સાથે વિલીનીકરણ.**

ઈન્ડિયન બેંક એસોશિયેશન (આઈબીએ) અને વર્કમેન યુનિયનો વચ્ચે ૦૮-૦૩-૨૦૨૪ના રોજ થયેલા મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ મુજબ, એટલે કે ૧૨મી દ્વિપક્ષીય સમાધાન અને ૯મી સંયુક્ત નોંધ મુજબ, નવી શ્રેણી (સીપીઆઈ ૨૦૧૬ = ૧૦૦) અનુસાર ૮૦૮૮ પોઈન્ટ્સ સુધીના ડીએને મર્જ કરીને નવા પગાર ધોરણો બનાવવામાં આવ્યા છે. જો કે, સીપીઆઈ શ્રેણી અને ડીએ ગણતરીમાં ફેરફાર ફક્ત ૦૧-૧૧-૨૦૨૨ના રોજ અથવા તે પછી નિવૃત્ત થયેલા લોકોને જ લાગુ કરવામાં આવ્યો છે, જેનાથી પેન્શનરોમાં અતાર્કિક વિભાજન થયું છે.

જ્યારે સેવા આપતા કર્મચારીઓ, ૨૦૨૨ પછીના નિવૃત્ત થયેલા લોકો અને તેમના પરિવારના પેન્શનરોને સુધારેલી સીપીઆઈ શ્રેણી પર ડીએ મળે છે, ત્યારે ૦૧-૧૧-૨૦૨૨ પહેલાના પેન્શનરો જૂની શ્રેણી (સીપીઆઈ-૧૯૬૦=૧૦૦)ના આધારે ડીએ મેળવે છે. આના કારણે ડીએમાં સ્પષ્ટ વિસંગતતા જોવા મળી છે, જેના કારણે સમાન સ્થાન ધરાવતા નિવૃત્ત લોકોમાં ભેદભાવપૂર્ણ બેવડું માળખું ઉભું થયું છે.

સમાન જૂથમાં આ પ્રકારના કૃત્રિમ વર્ગીકરણને અગાઉના કેસોમાં ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યું છે. નવેમ્બર ૨૦૦૨ પહેલાના વિવૃત્ત લોકો માટે સમાન મુદ્દાને સુધારવામાં લગભગ બે દાયકા લાગ્યા હતા. અમે નિષ્ઠાપૂર્વક આશા રાખીએ છીએ કે આવો અન્યાય ફરીથી નહીં થાય.

મેડમ, પેન્શનરોનો સમય પૂરો થઈ રહ્યો છે. દરરોજ પસાર થતા દિવસે, ભારતમાં ક્યાંક નિવૃત્ત પેન્શનર ન્યાયની રાહ જોતા અંતિમ શ્વાસ લે છે. એને આપણે નિષ્ફળ ન કરીએ.

સકારાત્મક અને તાત્કાલિક હસ્તક્ષેપની અપેક્ષા સાથે આપનો આભાર.

સહી /-

---

## -: ડિસેબલ ચાઈલ્ડ કેસોમાં મળેલ અભૂતપૂર્વ સફળતા :-

એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, ગાંધીનગર સર્કલના અથાગ પ્રયત્નોના પરિણામ સ્વરૂપ આપણા સર્કલમાંથી પેન્શનર્સ પરિવારના વિકલાંગ બાળકો માટેના કોર્પોરેટ સેન્ટરની નવી ગાઈડ લાઈન અનુસાર અત્યાર સુધીમાં ફેમિલી પેન્શન યોજનામાં ડિસેબલ્ડ ચાઈલ્ડની **૫૭ અરજીઓ** કોર્પોરેટ સેન્ટર મોકલવામાં આવી હતી. તેમાંથી કોર્પોરેટ સેન્ટર દ્વારા **૩૪ અરજીઓ** મંજુર કરવામાં આવેલ છે. તેમાંથી **૫ અરજીઓ** રિજેક્ટ કરવામાં આવી છે. અને **૭ અરજીઓ**ની કાર્યવાહી ચાલુ છે. નજીકના ભવિષ્યમાં આ અરજીઓની મંજુરી પણ મળી જશે. એવી અમારી અપેક્ષા છે. સર્કલ લેવલે **૧૧** દરખાસ્તો હજુ પણ વિસંગતતાઓ સાથે પેન્ડીંગ છે.

ડિસેબલ્ડ ચાઈલ્ડના કેસોમાં આપણાં સર્કલમાં અન્ય સર્કલના પ્રમાણમાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી થઈ થયેલ છે. અને એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન સતત સર્કલ મેનેજમેન્ટ સાથે તેમજ કોર્પોરેટ સેન્ટર ખાતે વાતચીત કરી રહેલ છે. આમ ડિસેબલ્ડ ચાઈલ્ડના કેસોમાં આપણા સર્કલને અભૂતપૂર્વ સફળતા મળી છે.

# તમામ પેન્શનરો/ફેમિલી પેન્શનરો માટે તા. ૦૧-૧૧-૨૦૨૫થી ૩૧-૧૦-૨૦૨૬ના વર્ષ માટે જીવન પ્રમાણપત્ર (લાઈફ સર્ટીફીકેટ) સબમીટ કરવા અંગે અગત્યની માહિતી

### ફેમિલી પેન્શનર્સ / ૮૦ વર્ષથી વધુ વયના પેન્શનર્સ મેન્યુઅલી તા. ૧લી ઓક્ટોબરથી ૩૧મી ઓક્ટોબર-૨૦૨૫ દરમિયાન સબમીટ કરી શકશે

**તમામ ફેમિલી પેન્શનર્સ / ૮૦ વર્ષથી વધુ વયના પેન્શનર પોતાનું લાઈફ સર્ટીફીકેટ ૧લી ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધીમાં તેમની શાખામાં મેન્યુઅલી જમા કરાવી શકશે. લાઈફ સર્ટીફીકેટનું ફોર્મ ભરી શાખામાં રજૂ કરવું તેમજ શાખામાં સિસ્ટમમાં ફીડ કરાવી મેકર્સ-ચેકર્સ દ્વારા પાસ કરાવી તેની પહોંચ અવશ્ય મેળવી લેવી. ૮૦ વર્ષથી વધુ વયના તેમજ તમામ પેન્શનર્સ મિત્રો ઓનલાઈન વિડિયો બેઝ લાઈફ સર્ટીફીકેટ જમા કરાવવું હોય તો ૧લી નવેમ્બરથી HRMS દ્વારા શરૂ થશે. જે માટે તેમનો ફોટોગ્રાફ એચઆરએમએસમાં અપલોડ કરેલો હોવો જરૂરી છે. તા. ૦૧-૧૧-૨૦૨૫ થી ૩૧-૧૦-૨૦૨૬ માટે સુરક્ષિત અને સરળ રીતે પોતાનું જીવન પ્રમાણપત્ર સબમીટ કરવા માટે નીચેની પ્રોસિજર પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.**

## Facility to submit digital Life Certificate :

Staff Pensioner can submit Video Life Certificat through HRMS App (hrms.bank.sbi)

**ખાસ કરીને ડિઝીટલ લાઈફ સર્ટીફીકેટ HRMS એપ (hrms.bank.sbi)માં જઈને વિડિયો બેઝ આઈડેન્ટીફિકેશન દ્વારા સબમીટ કરવા માટે નીચેની પ્રોસેશથી જીવન પ્રમાણપત્ર (લાઈફ સર્ટીફિકેટ) સબમીટ કરી શકશો.**

**Step-1 :** login to hrms.bank.sbi, with your credentials, Insert OTP

**Step-2 :** Click on Life Certificate tab Select submit Live Certificate you can apply life certificate using Video Life Certificate

**Step-3 :** Start Video recording system will ask you simpal (5) questions. Reply all of them. then submit.

Before submiting, verify your Video recording by pressing play button If Video recorded properly then submit life certificate for year 2025-26.

System will give a massage, Life Certificat submitted successfully.

**Stage-2 : Approval by Bank Officials**

* The Video bassed Life certificate is approved by the designated Bank official at LHO level. SMS and E-mail will sent to your registar mobile. Your Life Certificate apporved for year 01-11-2025 to 31-10-2026.
* In case any further clarification is required, the approving official calls the pensioners on the registered mobile number.
* In case the uploaded "Video Based Life Certificate" cannot be approved for any reasons (viz. poor video quality, incorrect answers given by the pensioner etc.) the approving official rejects it with his remarks/comments. SMS and email is sent to pensioner with the remarks entered by the approving official.

કોઈ પણ પેન્શનર્સ મિત્રને જીવનપ્રમાણ પત્ર (લાઈફ સર્ટીફિકેટ) સબમીટ કરવામાં તકલીફ અનુભવતા હોય તો એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન ઓફિસ, આંબાવાડી, અમદાવાદનો રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરી શકશો. વધુમાં આપનું લાઈફ સર્ટીફીકેટ ઓનલાઈન સબમીટ કરવામાં અમદાવાદ ઓફિસ તથા મોડ્યુલ હોદ્દેદારો મદદરૂપ થશે.

**STATE BANK OF INDIA**

BRANCH CODE & NAME : ______________________________

**S B I EMPLOYEES' PENSION FUND**
**DECLARATION-CUM-LIFE CERTIFICATE**

(FAMILY PENSIONER)

**WIFE**

I Smt. _______________________ widow of late Shri _________________ (PF Index No. __________) a deceased employee/pensioner hereby declare that I have not remarried till date. I undertake to inform the Bank in the event of any change in this position.

**ELDEST SON**

I Shri ________________________ eldest son of late Shri __________________ (PF Index No. ___________) a deceased employee/pensioner hereby declare that I am not employed/*gainfully employed till today, the ___ day of ______ 200 /I am employed and my monthly income from such employment is Rs. _______. I undertake to inform the Bank as soon as there is a change in this position.

**ELDEST DAUGHTER**

I, Kum. _______________________ eldest unmarried daughter of late Shri ___________________________ a deceased employee/pensioner hereby declare that I am neither married nor employed/*gainfully employed till today, the ____ day of _______ 200 /I am employed and my monthly income from such employment is Rs. ________. I undertake to inform the Bank as soon as there is a change in this position.

Signature/LTI of Wife/
Eldest Son/Eldest Daughter
Date :___________

Address : _____________________________
_____________________________________
_________________________________________

Signed in my presence
Branch Manager/Gazetted Officer
(Office Seal)

---

**FOR WIFE/ELDEST SON/ELDEST DAUGHTER**

Certified that Smt/Shri _____________________________________________ Wife/Son/Daughter of late Shri ____________________________________________ a deceased employee/pensioner of the Bank appeared before me today and signed/affixed his/her LTI below in my presence.

Signature/LTI of Wife/Eldest Son/Eldest Daughter

**FOR LEGAL GUARDIAN**

I Smt/Shri ___________________________ legal guardian of Master/Miss _________________________ eldest son/daughter of late Shri _________________________ a deceased employee/pensioner of the Bank hereby declare that Master/Miss _______________________ is alive as on this date, the ____ day of _________ 200 and undertake to intimate the Bank as soon as there is a change in this position.

Signature/LTI of the legal guardian of
Master/Miss ____________________
Eldest Son/Daughter of the deceased
Employee/pensioner
Date : ___________

Signed in my presence

Branch Manager/Gazetted Officer
(Office Seal)

---

**ACKNOWLEDGEMENT**

Received Life Certificate from Shri/Smt _____________________________(PF Index No. _______) for the year 201_

Branch :
Date :

Branch Manager (Seal)

## હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી 'એ' અને 'બી'માં અમને મળેલ ઘણી રજુઆતો અને સુચનોને ધ્યાનમાં લઈ આપણાં સર્કલ દ્વારા ફેડરેશનને રજુઆત કરેલ છે. જેના મુદ્દા નીચે પ્રમાણે છે.

### હેલ્થ પોલિસી 'બી'

૧. પોલિસી 'બી' મેળવવામાં બાકી રહેલ પેન્શનરો/નિવૃત્તોને વધુ એક તક આપવામાં આવે.

૨ (એ) મેટ્રો સીટી અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરોમાં પોલિસીમાં નક્કી કરેલ રકમમાં રૂમ ભાડાની પ્રવર્તમાન શ્રેણી મુજબ હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી. હોસ્પિટલોએ હવે રૂમ ભાડા/ICU ચાર્જ વધારેલ હોઇ તે મુજબ વસુલ કરી રહી છે. જેનાં કારણે દર્દીઓને તેમની બચતમાંથી પ્રમાણસર (Proportionate) ચાર્જ ચૂકવવા પડે છે. રૂમ અને ICU ચાર્જીસની સીલીંગ વર્ષ ૨૦૧૬માં નક્કી કરવામાં આવ્યા છે. વધેલા ચાર્જ અને ફૂગાવાને ધ્યાનમાં લઇ નીચે પ્રમાણેના ચાર્જમાં વધારો સુચવીએ છીએ.

| બેઝીક પોલિસી | પ્રવર્તમાન રૂમ ભાડુ | પ્રવર્તમાન આઇસીયુ ચાર્જ | સુચવેલ રૂમ ભાડુ | સુચવેલ ICU ચાર્જ |
|---|---|---|---|---|
| રૂા. ૩ લાખ | રૂા. ૫૦૦૦/- | રૂા. ૯,૫૦૦/- | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| રૂા. ૫ લાખ | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૪,૦૦૦/- |

(બી) હાલમાં રૂમ ભાડામાં નર્સીંગ ચાર્જનો સમાવેશ થાય છે. બધી હોસ્પિટલોમાં પ્રચલિત પ્રથા મુજબ નર્સીંગ ચાર્જ અલગથી લેવામાં આવી રહ્યાં છે. અમે સુચવીએ છીએ કે નર્સીંગ ચાર્જ અલગથી ચૂકવવા જોઇએ અને રૂમ ભાડા ચાર્જમાંથી એને બાકાત રાખવા જોઇએ.

૩ (એ) હાલના ફૂગાવા અને સારવારના ખર્ચમાં થયેલ વધારાને ધ્યાનમાં રાખીને અમે સુચવીએ છીએ કે ઘૂંટણની સર્જરી, પ્રોસ્ટેટ સર્જરી, એન્જીયોપ્લાસ્ટી, હર્નિયા, બાયપાસ સર્જરી અને મોતિયા વગેરે જેવી સારવાર માટે કેપીંગની ટોચમર્યાદા હાલની કેપીંગ મર્યાદાના ઓછામાં ઓછા ૩૦% સુધી વધારવી જોઈએ. જેથી તબીબી ખર્ચનો પ્રવર્તમાન દર આવરી શકાય.

(બી) બધા કેપીંગ મૃત્યુંમાં નોન-કેપ્ડ મૃત્યુ માટે નીતિ મુજબ હોસ્પિટલાઇઝેશન પહેલા અને પછી ચાર્જ ચૂકવવા જોઇએ.

૧) નવી આવકવેરા વ્યવસ્થાના અમલીકરણને કારણે, અમે સુચવીએ છીએ કે બેંક દ્વારા ચુકવવામાં આવતી સબસીડી સમાન રીતે ચુકવવામાં આવે જેથી વધુ ને વધુ કુટુંબ પેન્શનરો અને નિવૃત્ત ગૌણ કર્મચારીઓ આરોગ્ય સહાય નીતી 'બી'માં સમાવેશ કરી શકાય.

૨) નીચે આપેલ વિગતો મુજબ સબસીડી વધારવી જોઈએ.

- બધા ગૌણ કર્મચારીઓના પેન્શનરોને ૬૦ થી ૭૦ વર્ષની ઉંમર સુધી ૫૦% સબસીડી આપવી જોઈએ. જે પરિવારના પેન્શનરોને પણ આપવામાં આવે છે.
- ૭૦ વર્ષથી વધુ ઉંમરના બધા પેન્શનરો/કુટુંબ પેન્શનરોને પ્રિમિયમમાં ૭૫% સબસીડી આપવી જોઈએ.
- ૮૦ વર્ષથી વધુ ઉંમરના બધા પેન્શનરો/કુટુંબ પેન્શનરોને પ્રિમિયમમાં હાલના ૮૦%ને બદલે ૯૦% સબસીડી આપવી જોઈએ.

૩. કેન્સર, કિડનીના રોગો, લીવર ટ્રાન્સપ્લાન્ટ, મગજની ગાંઠ વગેરે જેવી કેટલીક ગંભીર અને અતિગંભીર બિમારીઓમાં, પેટસ્કેન, એમઆરઆઇ, કીમોથેરાપી, ડાયાલિસિસ વગેરે જેવી નિયમિત સારવાર પછીની તપાસમાં, પોલિસી મુજબ થયેલા વાસ્તવિક ખર્ચ ચૂકવવો જોઇએ.

૪. (એ) હાલમાં તબીબી વિજ્ઞાનમાં દાંતની સારવાર ખૂબ જ ખર્ચાળ બાબત છે. બંને પોલિસીઓ હાલમાં રૂટ કેનાલ સારવારની ભરપાઈને કેપિંગ મર્યાદા સાથે આવરી લે છે. અમે સુચવીએ છીએ કે પોલિસી 'બી'ના બંને કેપની મહત્તમ મર્યાદા વધારીને અનુક્રમે રૂા. ૧૫,૦૦૦/- અને રૂા. ૨૦,૦૦૦/- કરવી જોઈએ, એટલે કે રૂા. ૩ લાખ અને રૂા. ૫ લાખ.

(બી) અમે એવું પણ સુચન કરીએ કરીએ છીએ કે ડેન્ટલ ઈમ્પ્લાન્ટ ને કેન્સરના ફિક્સેશન માટે વળતર પોલિસી 'બી' હેઠળ વાજબી કેપિંગ મર્યાદામાં સામેલ હોવું જોઈએ, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો અને સુપર સિનિયર સિટીઝનને તેમની વૃદ્ધાવસ્થામાં આ સારવારની ખાસ જરૂર હોય તેવા કિસ્સામાં.


વિશ્વાસ તો બધાને ખોટા માણસ ઉપર જ હોય છે, જેમકે તેને વધારે મીઠું બોલતા આવડે અને સાચા માણસને તો બધું સાબિત કરવું પડે છે...!!!

**ઈ-ફાર્મસી :**

ઈ-ફાર્મસી હેઠળ પેન્શનરોને આપવામાં આવતી સુવિધાના સંદર્ભમાં, અમે નીચે મુજબ સુચવીએ છીએ. તાજેતરમાં દવાઓના ભાવમાં થયેલા ભારે વધારાને ધ્યાનમા રાખીને, વાર્ષિક રૂા. ૧૨૦૦૦/-ની વોલેટ રકમ વધારીને રૂા. ૨૦,૦૦૦/- કરવો જોઈએ.

**નીતિ 'એ'**

**૧.** અમે સુચવીએ છીએ કે નિવૃત્તિ પછી નિર્ધારિત ૯૦ દિવસના સમયગાળામાં જોડાઈ ન શક્યા હોય તેવા તમામ પેન્શનરો/નિવૃત્ત લોકોને પોલિસી 'એ' હેઠળ એક વખતનો વિકલ્પ આપવામાં આવે.

**૨.** દર વર્ષે, એસબીઆઈ હેલ્થ કેર (પોલિસી-એ)માં ઉપલબ્ધ બેલેન્સ, પોલિસી ધારકોને તેમના ઈ-મેઈલ આઈડી/મોબાઈલ નંબર પર ઈ-મેઈલ SMS દ્વારા પુરૂં પાડવામાં આવે.

**૩.** ડોમિસિલરી સારવાર માટે ચૂકવવામાં આવતા ખર્ચની ભરપાઈ હાલના ૧૦%થી વધારીને 30% કરવી જોઈએ.

**૪.** હાલમાં આ નીતિ હેઠળ ફક્ત **૬૩** ઓળખાયેલા મૃત્યુ જ વળતર માટે પાત્ર છે. અમે સૂચવીએ છીએ કે બધા ઓપીડી બિલોને ડોમિસિલરી સારવાર હેઠળ વળતર તરીકે આવરી લેવા જોઈએ.

**૫.** હાલમાં આ નિતિ હેઠળ ચાર બ્રેકેટ (રૂા. ૭.૦૦ લાખ, રૂા. ૧૦.૦૦ લાખ, રૂા. ૧૫.૦૦ લાખ અને રૂા. ૨૦.૦૦ લાખ) ઉપલબ્ધ છે. હોસ્પિટલોના કોર્પોરેટાઈઝેશન, પેન્શનરોની ઉંમર, પરિબળ અને આ કોર્પોરેટ હોસ્પિટલમાં સારવારના ખર્ચને ધ્યાનમાં રાખીને, સૂચવીએ છીએ કે રૂા. ૩૦.૦૦ લાખનો વધુ એક બ્રેકેટ રજુ કરવામાં આવે.

**૬.** આ પોલિસીમાં પણ ઈ-ફાર્મસી સુવિધાનો સમાવેશ થવો જોઈએ જેથી પોલિસી 'બી' હેઠળ પૈસા ખતમ થઈ ગયા પછી પેન્શનરો આ પોલિસી હેઠળ દવાઓ ખરીદી શકે.

**૭.** આરઈએમબીએસ નીતિ મુજબ, શ્રવણ સહાયક મશીનોની કિંમતનું વળતર માન્ય છે. અમે સૂચવીએ છીએ કે TPA/વીમા કંપની માર્ગદર્શિકામાં આ જ પ્રકારનું વળતર સામેલ કરવું જોઈએ.

**૮.** રૂમ ભાડા અને ચાર્જીસની મર્યાદા અંગે અગાઉના ફકરામાં નિતિ 'બી' હેઠળના અમારા બધા સૂચનો નીતિ 'એ' હેઠળ પણ ઉપલબ્ધ કરાવવા જોઈએ.

**૯.** બધા ઉલ્લેખિત મહત્તમ ચાર્જ પોલિસીમાં ઉપલબ્ધ છેલ્લા બેલેન્સ સુધી ચુકવવા જોઈએ, નીચલા મર્યાદા હેઠળ ઉપલબ્ધ સુવિધાઓ સુધી ઘટાડ્યા વિના.

**૧૦.** તાજેતરમાં કાર્યરત સ્ટાફને ઉપલબ્ધ કરાવવામાં આવેલા ૬ મેડીકલ તપાસ અહેવાલો મુજબ, જેમ કે મેમોગ્રાફી, સીટીસ્કેન, એમઆરઆઈ, વિટામિન બી-૧૨ ટેસ્ટ, વિટામિન ડી-3 ટેસ્ટ, અમે સૂચવીએ છીએ કે આ તપાસો બેંકના દવાખામાંથી, કલ્યાણ યોજના હેઠળ પેન્શનરોને પણ ઉપલબ્ધ કરાવવા જોઈએ. અથવા આ પરીક્ષણો માટે થયેલા ખર્ચની ભરપાઈ પોલિસી 'એ' હેઠળ લીમીટની મર્યાદા ઉપરાંત ઉપલબ્ધ કરાવવામાં આવે.

**૧૧ (એ)** હાલમાં તબીબી વિજ્ઞાનમાં દાંતની સારવાર ખૂબ જ ખર્ચાળ બાબત છે. બંને પોલિસીઓ હાલમાં રૂટ કેનાલ સારવારની કેપિંગ મર્યાદા સાથે આવરી લે છે. અમે સૂચવીએ છીએ કે પોલિસી 'બી'ના બંને ક્ષેત્રે મર્યાદા વધારીને અનુક્રમે રૂા. ૧૫૦૦૦/- અને રૂા. ૨૦૦૦૦/- કરવી જોઈએ, એટલે કે રૂા. ૩ લાખ અને રૂા. ૫ લાખ.

**(બી)** અમે એવું પણ સૂચન કરીએ છીએ કે ડેન્ટલ ઇમ્પ્લાન્ટ અને ડેન્ચરના ફિક્સેશન માટે વળતર પોલિસી 'એ' હેઠળ વાજબી કેપિંગ મર્યાદામાં સામેલ હોવું જોઈએ, ખાસ કરીને વૃદ્ધ નાગરિકો અને સુપર સિનિયર સિટિઝનના કિસ્સામાં જેમને તેમની વૃદ્ધાવસ્થામાં આ સારવારની જરૂર હોય છે.

**ટીપીએ અને વીમા કંપની સાથે સંકલન :**

**૧.** તબીબી બિલોની ભરપાઈ માટે એક નિશ્ચિત સમય હોવો જોઈએ. TPA દ્વારા બીલની પતાવટનો સમય.

**૨.** બધા સંબંધિત સેવા વિક્રેતાઓની સંકલન બેઠકો નિયમિત અંતરાલે યોજવી જોઈએ, જેમ કે ત્રિમાસિક અંતરાલે (બધા AD સ્તરે એસબીઆઈ મેનેજમેન્ટ અને SBIPA પ્રતિનિધિઓ સાથે).

**૩.** પેન્શનરો દ્વારા અમુક ખામીઓનું પાલન ન કરવા બદલ ટીપીએ દ્વારા બંધ કરાયેલા તમામ તબીબી બિલોની સંપૂર્ણ યાદી માસિક ધોરણે એસબીઆઈપીએ સાથે શેર કરવી થવી જોઈએ.

## મંથલી મિટીંગ-રાજકોટ





એસબીઆઇ પેન્શનર્સ એસોસિયેશન, રાજકોટ દ્વારા તા. ૨૦-૦૯-૨૦૨૫ના રોજ રાજકોટ મેઈન બ્રાન્ચ ખાતે પેન્શનર્સ મંથલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ. આ મિટીંગમાં પેન્શનર્સ ભાઈ-બહેનો પરસ્પર મળ્યા અને પોતાના પ્રશ્નો અને સૂચનો રજૂ કર્યા. એસબીઆઇ પેન્શનર્સ એસો. રાજકોટના ડીજીએસ શ્રી શરદભાઈ દવે, કમિટી મેમ્બર સર્વશ્રી શિરીષભાઈ કચ્છી, ડી. પી. જોશી, પી. એમ. મુંગલપરા, બિપીનભાઈ સંઘવી, જીતુભાઈ ગણાત્રા વિગેરેએ ઉપસ્થિત રહીને પેન્શનરોને સર્કલ લેવલે અને રાષ્ટ્રીય લેવલે પેન્શનરોના પ્રશ્ને ચાલતી ગતિવિધિઓની માહિતી આપી હતી. મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહીને એકબીજાને મળીને આનંદ વ્યક્ત કર્યો હતો.



## સ્ટ્રક્ચર મિટીંગ-ગાંધીનગર

એસબીઆઇ-ગાંધીનગર એડમિન ઓફિસ ખાતે તા. ૧૯-૦૯-૨૦૨૫ના રોજ સ્ટ્રક્ચર મિટીંગ આયોજન થયું. આ સ્ટ્રક્ચર મિટીંગ ડીજીએમ (બી એન્ડ ઓ) ગાંધીનગર એડમિન શ્રી દેવેન્દ્ર શાહુના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. તેમની સાથે સીએમ (એચ.આર) એડમિન શ્રી પાંડે અને રિજિયન-૧ના મેનેજર (એચ.આર.) શ્રીમતી સવિતાબેન શુક્લ ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલ તરફથી પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ચિંતક પટેલ, ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકર તથા કમિટી સદસ્ય સર્વશ્રી શૈલેષભાઈ જોષી, મધુભાઈ સોલંકી, જગદીશ ખમાર અને સુકનરાજ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા. સ્ટ્રક્ચર મિટીંગની શરૂઆત સીએમ (એચ.આર.) શ્રી પાંડેએ ઉપસ્થિત સૌનું સ્વાગત કરેલ. આ પ્રસંગે ખાસ જોગાનુજોગ જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીજીનો જન્મ દિવસ હોઈ ડીજીએમ શ્રી દેવેન્દ્ર શાહુ સાહેબની સાથે ઉપસ્થિત સૌએ શ્રી કમાલભાઈને પુષ્પગુચ્છ આપીને જન્મદિવસની ઉજવણી કરી અગણિત શુભકામનાઓ પાઠવી હતી. આમ ખૂબ જ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં સ્ટ્રક્ચર મિટીંગ સંપન્ન થઈ હતી.

AMRISH SHAH +91 93270 08653 HARSHIT SHAH +91 99789 08869

हमारी सेवाएं

✓ Mutual Funds
✓ GOI Bonds
✓ Life Insurance
✓ Fixed Deposite

PIFCON SERVICES LLP SINCE 1981

✓ Public Issues
✓ Capital Gain Bonds
✓ General Insurance
✓ N C D Bonds

POOJA INVESTMENT
G/22, Hemkoot Building,
Near Gandhigram Railway Station,
Ashram Road, Ahmedabad - 9, Gujarat, INDIA

Email: info@poojainvestment.com Website: www.poojainvestment.com


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• Cataract
• Cornea
• Lasik
• Retina
• Glaucoma
• Oculoplasty
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ
સમય: સવારે 9:00 થી 12:00,
બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯-૨૬૪૪૬૧૩૩
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

# હવે તમારી આંખની સારવાર દુનિયાની સર્વશ્રેષ્ઠ ટેક્નોલોજીથી

## 2,00,000 થી વધુ પેશન્ટની સફળ સારવાર

# ઓક્યુરા આંખની હોસ્પિટલ

### સુપર સ્પેશ્યાલિસ્ટ આંખની હોસ્પિટલ

**તણાવમુક્ત અને ડાયનેમિક ઓપરેશન થિએટર**






પેશન્ટની સારવાર માટે

## એડવાન્સ અને લેટેસ્ટ રોબોટિક કેટરેક્ટ સર્જરી

SBI અને eSBI પેન્શનર્સના કાર્ડધારકો માટે નિ:શુલ્ક આંખની તપાસ



**મોતિયો | ઝામર | રેટિના (પડદો) | લેસિક | કોર્નીઆ | વિઝન થેરાપી અને રિહેબિલિટેશન સેન્ટર**

## કોમ્પ્રોમાઈઝ ન કરશો, ફક્ત બેસ્ટ પર જ વિશ્વાસ કરો.

**અમદાવાદ**
રાજપથ રંગોલી રોડ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમની બાજુમાં, બોડકદેવ-380059
ફોન. 079-49131202/03/04, +91 9998055807

**ગાંધીનગર**
ગ્રાઉન્ડ ફ્લોર, સીનર્જી સ્પેસ, ડી માર્ટ મોલ અને પેન્ટાલૂન્સની વચ્ચે, સરગાસન-382421
ફોન. 079-49177290, +91 7043984900

**" એક એવી હોસ્પિટલ જે હોસ્પિટલ જેવો અનુભવ કરાવતી નથી "**

## લેવી ડોનેશનની રકમ જમા કરાવવા બાબત

મિત્રો, આ બાબતની સતત જાણ આપને કરતા આવ્યા છીએ. આપ સૌને મળેલ લાભની રકમથી (એક્સગ્રેસિયા અને ૪૦% થી ૫૦% વધારો) પેન્શનમાં વધારો થવાથી આપ સૌ ખુશ છો જ. હવે પેન્શનર્સ એસોશિયેશનને પોતાની જવાબદારી નિભાવવા આપના સહકારની જરૂરિયાત છે. તે માટે આપને ફરીવાર યાદ અપાવીએ છીએ કે આપની લેવી/ડોનેશનની રકમ જમા કરાવવાની બાકી હોય તો વિના વિલંબે તુરંત જ ઓનલાઈન અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી કરીએ છીએ. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી.

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)**

**Branch IFSC Code: SBIN0000301**

**PF No. : __________ Name : ____________________________ MOBILE No. : __________________**

## LEVY / DONATION

જે મિત્રોએ તા.૦૧-૦૯-૨૦૨૫થી ૩૦-૦૯-૨૦૨૫ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે છે. જેઓએ તા. ૩૦-૦૯-૨૦૨૫ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે, તેઓના નામ નવેમ્બર માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt No |
|---|---|---|---|---|
| | | **DONATION** | | |
| 01-Sep-25 | 5182484 | JETHALAL G. VADUKAR | 1000.00 | 28493 |
| 01-Sep-25 | 1700278 | JANAK AJITBHAI FADIA | 1000.00 | 28498 |
| 22-Sep-25 | 1737910 | RAJENDRA T. JUVARIWALA | 1000.00 | 28542 |
| 29-Sep-25 | 705268 | TARAK A. DIVETIA | 1000.00 | 28598 |
| 27-Sep-25 | 1711830 | RAMLAKHAN SEVEKRAM VARMA | 701.00 | 28577 |
| 08-Sep-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 500.00 | 28515 |
| 12-Sep-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 500.00 | 28525 |
| 29-Sep-25 | 731936 | | 500.00 | 28596 |
| 29-Sep-25 | 1711822 | PRAVINCHANDRA V. SHAH | 500.00 | 28597 |
| 29-Sep-25 | 2897539 | ATULKUMAR NATWARLAL RAVAL | 500.00 | 28599 |
| 18-Sep-25 | 738654 | MOHINIBEN AMRUTLAL UBHIRIYANI | 365.00 | 28532 |
| 27-Sep-25 | 1711830 | RAMLAKHAN SEVEKRAM VARMA | 365.00 | 28576 |
| | | **LEVY** | | |
| 12-Sep-25 | 726591 | SUNITABEN DILIPBHAI PARIKH | 11001.00 | 28521 |
| 21-Aug-25 | 706574 | MILNER DOMINIC ALEX GOMES | 7725.00 | 28552 |
| 12-Sep-25 | 1708430 | RAMESH S. CHIPLUNKAR | 7500.00 | 28522 |
| 16-Sep-25 | 5174074 | REVABHAI KHEMABHAI MAKWANA | 7200.00 | 28531 |
| 22-Sep-25 | 705853 | BALKRISHNA D DULLA | 6800.00 | 28566 |
| 03-Sep-25 | 2880644 | ANAND RAMCHANDRA JOSHI | 5001.00 | 28502 |
| 06-Aug-25 | 725870 | MOHD. UMAR M. TURKASTANI | 5000.00 | 28546 |
| 03-Sep-25 | 716626 | NALINI D. VARIA | 5000.00 | 28501 |
| 05-Sep-25 | 733539 | AKHIL T. SHAH | 5000.00 | 28512 |
| 16-Sep-25 | 335495 | KAUSHIK R. GAJRAWALA | 5000.00 | 28529 |
| 19-Sep-25 | 8263345 | BABUBHAI G. PARMAR | 5000.00 | 28533 |
| 25-Sep-25 | 2880954 | MAKSUDALI GULAMHUSEN MOMIN | 5000.00 | 28570 |
| 29-Sep-25 | 5203457 | GUNVANT DAHYALAL SOLANKI | 5000.00 | 28578 |
| 16-Sep-25 | 5171970 | HIMANSHU N. RAVAL | 4099.00 | 28528 |
| 13-Sep-25 | 5201934 | DALPAT VALJIBHAI GARALA | 3200.00 | 28526 |
| 08-Sep-25 | 712833 | PARAMANANDBHAI L. SONI | 3000.00 | 28514 |
| 20-Sep-25 | 1729101 | RAMILABEN RAMNIKLAL DESAI | 3000.00 | 28563 |
| 03-Sep-25 | 1710419 | KIRIT D. HATHI | 2500.00 | 28504 |
| 04-Sep-25 | 733121 | MUKESH G. DAVE | 2500.00 | 28554 |
| 19-Sep-25 | 1708112 | JAGDISHCHANDRA C. MEHTA | 2500.00 | 28534 |
| 03-Sep-25 | 716626 | NALINI D. VARIA | 2200.00 | 28500 |
| 25-Sep-25 | 1729098 | NATVARLAL MANGALDAS SOLANKI | 2100.00 | 28571 |
| 01-Sep-25 | 1743368 | ILA V. PATEL | 1900.00 | 28492 |
| 11-Sep-25 | 1749129 | MANDA CHETAN CHOKSI | 1800.00 | 28517 |
| 11-Sep-25 | 1743317 | SATISHBHAI PURSHOTTAMDAS PATEL | 1500.00 | 28518 |
| 11-Sep-25 | 1749471 | CHETAN A CHOKSI | 1500.00 | 28519 |
| 02-Sep-25 | 2900416 | JAYESH RAMANLAL SHAH | 1400.00 | 28499 |
| 04-Sep-25 | 1711679 | DASHRATHBHAI JETHALAL PARMAR | 1400.00 | 28508 |
| 29-Sep-25 | 5186129 | YOGESH NANDLAL DAVE | 1300.00 | 28581 |
| 26-Sep-25 | 5201241 | ARTI BIPIN GOKANI | 1201.00 | 28574 |
| 04-Sep-25 | 1731726 | AJITKUMAR BACHUBHAI DAVE | 1200.00 | 28505 |
| 19-Sep-25 | 2880962 | BHAVINBHAI BALDEVBHAI KESHRI | 1200.00 | 28561 |
| 04-Sep-25 | 5201667 | MAGANBHAI C. CHAUHAN | 1100.00 | 28507 |
| 06-Sep-25 | 2884593 | KHANDUBHAI KIKABHAI PATEL | 1100.00 | 28555 |
| 11-Sep-25 | 2903520 | MOHANBHAI KHALPABHAI PATEL | 1100.00 | 28516 |
| 11-Sep-25 | 2892405 | PANKAJ P MEHTA | 1100.00 | 28520 |
| 29-Sep-25 | 5186129 | YOGESH NANDLAL DAVE | 1001.00 | 28580 |
| 18-Jul-25 | 3518345 | GITA PATEL | 1000.00 | 28510 |
| 14-Aug-25 | 8275483 | MAHESH H. OZA | 1000.00 | 28547 |
| 20-Aug-25 | 5209161 | VIPINCHANDRA C. PANDYA | 1000.00 | 28550 |
| 29-Sep-25 | 5199093 | MAYANK VILASRAI VAIDHYA | 1000.00 | 28579 |


**DENTAL CARE IMPLANT AND LASER CENTER**

**DR.DEVAL TRIVEDI**

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM - 3:00 PM | 5:00 PM - 8:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

**NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS**
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS AND THIER FAMILY MEMBERS,AHMEDABAD






જે તમારી આંખ સાથે આંખ મીલાવીને વાત ન કરી શકે, તેનો વિશ્વાસ કરવો નહિ

# કોર્પોરેટ મેનેજમેન્ટ સાથે ફેડરેશનની મિટીંગ મુંબઈ ખાતે યોજાઈ



ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનનું સુકાન નવી ટીમે સંભાળ્યા બાદ ઘણાં લાંબા સમય પછી કોર્પોરેટ મેનેજમેન્ટ દ્વારા ફેડરેશન ઓફ એસબીઆઈપીએને ખાસ મિટીંગ આપવામાં આવી. જેના અંતર્ગત તા. ૧૪-૧૦-૨૦૨૫ના રોજ કોર્પોરેટ સેન્ટર મુંબઈ ખાતે ખાસ મિટીંગ યોજાઈ. મેનેજમેન્ટ ટીમનું નેતૃત્વ શ્રી દેબજીત મિત્રા-જી.એમ. (આરપી એન્ડ પીએમ) અને શ્રી સૌરવ ઘોષ-ડીજીએમ (પી એન્ડ પીએમ) દ્વારા કરવામાં આવ્યું હતું. ફેડરેશન ટીમનું નેતૃત્વ પ્રમુખશ્રી એન. રાધાકૃષ્ણન અને જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની સાથે સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ સર્વશ્રી કમાલ કાદરી, જોસેફ પલક્કલ અને સેક્રેટરીશ્રી સુધીર પવાર હાજર રહ્યાં હતા. કાર્યસૂચિ અનુસાર મિટીંગની શરૂઆત થઈ હતી. મિટીંગમાં આરોગ્ય વીમા યોજના, અપંગ બાળકો માટે કૌટુંબિક પેન્શન નિયમો, વિધવા/છૂટછેડા પામેલી પુત્રીઓ, સ્થિરતા વૃદ્ધિ, સંબંધિત મુદ્દાઓ eAB ને લગતા મુદ્દાઓ, પેન્શનની ગણત્રી માટે ફોર્મૂલા, સ્ટાફ કલ્યાણ ભંડોળનો ઉપયોગ, ડિસ્પેન્સરી શરૂ કરવા અંગે વિગેરે જેવા અન્ય મુદ્દાઓ પર લાંબી વિગતવાર ચર્ચા કરવામાં આવી. મિટીંગમાં ઉપસ્થિત જીએમ અને ડીજીએમ બંનેએ ચર્ચામાં આવેલ તમામ મુદ્દાઓ પર ધ્યાન આપવાની અને ઘટતું કરવાની ખાત્રી આપી અને આવનારા દિવસોમાં કેટલાક મુદ્દાઓ ઉકેલાઈ જશે એવી આશા વ્યક્ત કરવામાં આવી. ફેડરેશન દ્વારા મેનેજમેન્ટ સાથે ફોલોઅપ કરી વહેલી તકે મૈત્રીપૂર્ણ ઉકેલ આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. વધુ વિગત આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.






SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર

PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
CERTIFIED



DR.TEJAS GANDHI
M.S. Ortho (Goldmedalist)
Senior Joint Replacement Surgeon

PIONEER IN M.I.C.R.O KNEE SURGERY
Fellowship: SGH Hospital,Singapore
Oxford University,U.K.

(૧૫૦૦૦ થી પણ વધુ ઘૂંટણ તથા
થાપાના ઑપરેશનનો બહોળો અનુભવ)

(સબવાસ્ટસ એપ્રોચ જેમા સ્નાયુ કાપ્યા
વગર ઓપરેશન કરવામાં આવે.)

AI Based Surgeon Control Robotic System

ROBOTIC JOINT
REPLACEMENT

SBI, ESBI PENSIONER'S
and SPOUSE માટે સંપૂર્ણ
કેશલેસ સુવિધા ઉપલબ્ધ છે.



SBI, ESBI Pensioner's માટે
Online Authentic Orthopedic
Counseling Center

SBI Orthopedic Counseling
Number: +91 76240 49344

ફ્રિ Consultation
ફ્રિ X-Ray

વધુ માહિતી માટે સંપર્ક કરો

અમીત પટેલ (82381 36190 / 75729 36190)

for
Knee Pain & Hip Pain

ઉપનિષદ કોમ્પ્લેક્ષ, શ્રધ્ધા હીરો શોરૂમની ઉપર, શ્રેયસ ફ્લાય ઓવરબ્રિજની નીચે,
માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ(૩૮૦૦૧૫)

## પ્રભુશરણ

| ક્રમ | પી.એફ.નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ | ટ્રિબ્યુટ ચૂકવણીની તારીખ | ચૂકવણીની શાખા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૭૩૮૮૧૬ | કનુભાઈ સી. વ્યાસ | કેનેડા | ૯૫૩૭૭૦૮૧૭૧ | ૧૯-૦૯-૨૦૨૫ | - | કેમ્પસ એરીયા શાખા |
| ૨. | ૭૦૬૧૮૩ | કિરીટ એસ. ગોલવાલા | અમદાવાદ | ૯૪૨૭૮૦૫૫૩૧ | ૨૨-૦૯-૨૦૨૫ | ૨૭-૦૯-૨૦૨૫ | - |
| ૩. | ૮૨૭૯૫૨૭ | પ્રમોદભાઈ જે. પારેખ | અમદાવાદ | ૯૧૦૬૫૭૬૭૦૬ | ૧૯-૦૯-૨૦૨૫ | ૨૩-૦૯-૨૦૨૫ | સેટેલાઈટ શાખા |
| ૪. | ૫૨૧૭૮૬૫ | અનવરહુસેન આર. રૂન્જા | જામનગર | ૯૬૩૮૫૫૪૧૪૧ | ૨૩-૦૯-૨૦૨૫ | ૨૪-૦૯-૨૦૨૫ | આર.આર. શાખા |
| ૫. | ૮૨૮૮૮૯૫ | સુરેશ જે. દવે | અમદાવાદ | ૮૨૩૮૬૨૨૫૦૯ | ૨૩-૦૯-૨૦૨૫ | - | - |
| ૬. | ૮૨૮૧૭૯૩ | રશ્મીકાન્ત જી. ત્રિવેદી | અમદાવાદ | ૯૩૨૮૮૯૪૨૬૭ | ૨૩-૦૯-૨૦૨૫ | ૨૫-૦૯-૨૦૨૫ | પ્રેરણાતીર્થ શાખા |
| ૭. | ૩૬૬૯૮૬ | મગનભાઈ પી. પટેલ | વડોદરા | ૭૫૬૭૩૦૧૭૦૦ | ૨૪-૦૯-૨૦૨૫ | - | મુખ્ય શાખા-વડોદરા |
| ૮. | ૭૩૮૧૭૪ | જ્યોતિન્દ્ર જે. પાઠક | અમદાવાદ | ૮૧૫૬૦૦૩૯૧૪ | ૨૭-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૫ | આયોજનગર શાખા |
| ૯. | ૫૨૧૩૨૧૫ | તુલસીદાસ મોટવાણી | અમદાવાદ | ૯૪૨૯૦૨૦૪૭૧ | ૨૭-૦૯-૨૦૨૫ | ૦૪-૧૦-૨૦૨૫ | કુડાસણ શાખા |
| ૧૦. | ૫૧૭૧૭૧૭ | લાલજીભાઈ એન. ભદ્રેચા | પોરબંદર | ૯૪૨૭૭૩૭૦૧૮ | ૦૪-૦૯-૨૦૨૫ | - | - |
| ૧૧. | ૮૨૬૨૩૭૩ | અમૃતલાલ બી. પટણી | બગસરા | ૯૬૮૭૧૩૪૬૯૬ | ૦૭-૦૯-૨૦૨૫ | ૦૮-૦૯-૨૦૨૫ | - |
| ૧૨. | ૫૨૦૩૦૧૫ | પ્રવિણભાઈ એસ. પંડ્યા | તળાજા | ૫૬૩૦૭૦૨૫૬૨૬ | ૦૯-૦૯-૨૦૨૫ | - | - |
| ૧૩. | ૪૨૩૦૭૬ | ઈન્દ્રવદન એન. શાહ | અમદાવાદ | ૯૮૨૫૩૩૫૪૯૦ | ૦૪-૧૦-૨૦૨૫ | ૦૬-૧૦-૨૦૨૫ | નારાયણનગર શાખા |
| ૧૪. | ૧૭૪૧૨૮૪ | ભરત એચ. શાહ | અમદાવાદ | ૯૨૬૫૮૦૯૨૩૧ | ૦૪-૧૦-૨૦૨૫ | ૧૦-૧૦-૨૦૨૫ | મુખ્ય શાખા-અમદાવાદ |
| ૧૫. | ૧૭૪૨૩૩૭ | નરેન્દ્ર જે. સુતરીયા | ઉમરેઠ | ૯૮૨૪૦૧૫૪૯૧ | ૦૯-૧૦-૨૦૨૫ | ૧૧-૧૦-૨૦૨૫ | ઉમરેઠ શાખા |
| ૧૬. | ૮૨૮૪૪૮૨ | તુલસીદાસ ગાંડાલાલ સતાણી | સુરેન્દ્રનગર | ૯૩૨૮૬૭૭૭૭૭ | ૧૩-૧૦-૨૦૨૫ | --- | જીઆઈડીસી-સુ.નગર |
| ૧૭. | ૫૨૦૭૬૬૫ | સંજય મનસુખલાલ શાહ | ભાવનગર | ૯૪૨૬૫૦૪૦૧૮ | ૦૮-૧૦-૨૦૨૫ | - | - |
| ૧૮. | ૫૨૪૬૮૪૯ | પ્રતાપસિંહ રૂપસિંહ સોલંકી | ગરબડા | ૭૯૮૪૬૯૫૦૪૨ | ૦૯-૧૦-૨૦૨૫ | - | - |
| ૧૯. | ૫૧૭૯૩૯૪ | નરેન્દ્ર મનસુખલાલ પંડયા | અમદાવાદ | ૯૪૨૭૫૨૧૨૮૦ | ૦૪-૧૦-૨૦૨૫ | - | - |
| ૨૦. | ૫૧૭૬૦૮૫ | ઈશ્વરભાઈ કરસનભાઈ પટેલ | વલસાડ | ૯૯૨૫૫૦૦૮૬૬ | ૦૩-૧૦-૨૦૨૫ | - | - |
| ૨૧. | ૫૨૦૧૨૩૩ | સરોજબેન પ્રદ્યુમનભાઈ ત્રિવેદી | જામનગર | ૯૯૦૯૬૧૭૧૭૨ | ૦૧-૧૦-૨૦૨૫ | - | - |

**પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**

**ખાસ નોંધ : પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર અને મોબાઈલ નંબર અવશ્ય જણાવવો.**




Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023




# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર
અત્યાધુનિક સુવિધા સાથે
જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ


**મંથલી મિટીંગ :** નવેમ્બર માસની મંથલી મિટીંગ તા. ૧૯-૧૧-૨૦૨૫ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫